Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec 2019, Year - 6 (80)
www.researchreviewonline.com Paper ID : RRJ000065

# પન્નાલાલ પટેલનું બાળસાહિત્ય

**ડૉ ફાલ્ગુની જે પોમલ,**
**અધ્યાપક સહાયક,**
**જી. એમ. ડી. સી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,**
**નખત્રાણા-કચ્છ**

---

સાહિત્યસર્જન માટે પરંપરાગત માર્ગે ફંટાયા વિના,કેવળ હૈયા ઉકલતથી વિષયવસ્તુ અને રચનારીતિમાં આગવી મુદ્રા ધરાવતા વિપુલ કથાસાહિત્ય, ખાસ કરીને નવલકથા અને ટૂંકીવાર્તાના સર્જનને કારણે પન્નાલાલ ખૂબ પંકાયા.

પન્નાલાલનો જન્મ તા. ૦૭/૦૫/૧૯૧૨ના રોજ માંડવી ગામે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં થયો. ગાંધીયુગના આ સત્વશીલ સર્જકોનો ગુજરાતી સાહિત્યમાં જ્યારે પ્રવેશ થયો ત્યારે સમગ્ર પ્રજાજીવન પર ગાંધીજીનો પ્રભાવ હતો. તે સમયના અનેક સાહિત્યકારો ગાંધીજીની ગ્રામાભિમુખ થવાની હાકલ તેમજ બોલચાલના આગ્રહને વશ હતું. આવા સમયે પન્નાલાલ પટેલ ગાંધીયુગના મહત્વના સર્જક હોવા છતાં તત્કાલીન પરિબળો અને દેખીતા પ્રત્યક્ષ પ્રભાવથી સર્વથા અલિપ્ત હતા.

લેખનની શરૂઆત ટૂંકીવાર્તાથી કરી હોવા છતાં બહુ ટૂંકા સમયમાં નવલકથા લેખન તરફ આગળ વધે છે. પન્નાલાલ પટેલ ૪૭ વર્ષની દીર્ઘ સર્જનયાત્રામાં ૫૬ નવલકથાઓ, ૨૬ નવલિકાસંગ્રહો, ૧૫ બાળસાહિત્યના પુસ્તકો, એકાંકી નાટક-રૂપાતર ઉપરાંત પ્રકિર્ણરૂપે ૧૧૦ પુસ્તકો આપ્યાં છે. તેમ છતાં તેમની સર્જક્તાનો સૌથી વિશેષ અને સત્વશીલ ભાગ નવલકથાએ જ રોક્યો છે. એ જ રીતે ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્ય ક્ષેત્રે પણ પન્નાલાલ પટેલે તેમના સાહિત્યસર્જન દ્વારા નોધપાત્ર ફાળો આપેલ છે. તેમનું બાળસાહિત્ય તત્કાલીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોખી ભાત પાડતું જણાઈ આવે છે.

બાળમાનસને પરિતૃપ્ત કરે, બાળકોના રસવિશ્વને સંતર્પે, એમની રસવૃતિને કેળવે અને સમાજમાં એક સ્વસ્થ મનુષ્ય તરીકેના એના ભવિષ્યનો દ્રઢ પાયો રચે એવા બાળસાહિત્યની સમાજને એક સર્જક પાસે અપેક્ષા રહે છે. બાળકોના સર્વાંગી વિકાસમાં બાળસાહિત્યની શી અગત્યતા છે તે તો આપણે સૌ જાણીએ જ છીએ. સ્વ.ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલા એક પરિસવાંદમાં આ પ્રમાણે નોધ્યું છે,

**"આપણાં સહુની અંદર બાળક છે અને આપણામાંના ચિરશીશુંને ડોલાવે એ જ બાળસાહિત્ય".**

શ્રી ઉમાશંકર જોષી આ એક પંક્તિમાં બાળસાહિત્યના સ્વરૂપને અત્યંત સાદી અને સરળ ભાષામાં સમજાવે છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ગિજુભાઈ બધેકા, ચંદ્રવદન મહેતા, ઈશ્વર પરમાર, હરિપ્રસાદ વ્યાસ

જેવા અનેક સર્જકોએ બાળસાહિત્ય ક્ષેત્રે પ્રદાન કર્યું છે. જેમાં સાતમાં દાયકના પન્નાલાલ પાસેથી વિપુલ પ્રમાણમાં બાળસાહિત્ય મળે છે. પન્નાલાલ પટેલના સાહિત્યની ગુણવતા જોતાં તેમનું સાહિત્ય 'બાલકિશોરસાહિત્ય' તરીકે ઓળખાય છે. બાળસાહિત્યના અભ્યાસી ડૉ.શ્રદ્ધા ત્રિવેદી, પન્નાલાલ પટેલના બાળસાહિત્યનો અભ્યાસ કરતાં આ પ્રમાણે નોંધે છે.

"ઉતરકાલીન પન્નાલાલના સત્વશીલ બાળકથાસાહિત્યના સર્જનને કારણે ગુજરાતી બાળ કથાસાહિત્ય શ્રી ગીજુભાઈ પછી ફરી એકવાર ઠીક ઠીક કૌવત દાખવે છે. બાળકથાઓના સર્જનવિકાસમાં ગિજુભાઈએ લોકસાહિત્યનો આધાર સવિશેષ લીધો. તો શ્રી પન્નાલાલે પૌરાણિક કથા સાહિત્યનો. જો કે પન્નાલાલે પૌરાણિક કથાસાહિત્યને યથાવત મૂકી આપ્યું નથી. 'માનવીની ભવાઈ'ના સર્જકના સર્જકત્વના જાદુઈ સ્પર્શનો લાભ આ પૌરાણિક કથાઓને મળ્યો અને તેથી તેમનું ઠીક ઠીક કલાકીય રૂપાંતર થયું છે અને તેની આસ્વધ્યતા વધી છે. પૌરાણિક કથાઓના કલાકીય વિનિયોગ કરતાં માનવજીવનની વાસ્તવિકતાઓ અને માનવમનની ભાવનાઓને લક્ષિતાના આયામોનેય લેખકે લક્ષમાં લીધા છે, તેમની આ વાતોમાં બાળકિશોર માણસની કક્ષાનો, તેમના ઘડતરની ભૂમીકાનોયે વિશેષ ખ્યાલ રખાયો છે".

મૂળભૂત રીતે નવલકથામાં અને તેમાંય જાનપદી નવલકથામાં પારંગત પન્નાલાલ પટેલે બાળકિશોર સાહિત્યમાં પણ સત્વ દાખવ્યું છે. તેમનું બાળકિશોર સાહિત્ય નીચે મુજબ છે :

૧, **વાસ્તવજીવન પર આધારિત કથાઓ** :

જેમાં 'દેવનો દીધેલ' (ઈ.સ.૧૯૭૫), 'બાળ કિલ્લોલ ગ્રંથમાળા' (ઈ.સ.૧૯૭૨), 'વાર્તા કિલ્લોલ ગ્રંથમાળા' નો સમાવેશ થાય છે.

૨, **પોરાણિક કથાઓ પર આધારિત સાહિત્ય** :

જેમાં 'મહાભારત કીશોરકથા (૧૯૭૬), 'રામાયણ કિશોર કથા(૧૯૭૮)અને શ્રી કૃષ્ણ કિશોરકથા (૧૯૮૦) મુખ્ય કહી શકાય.

આ ઉપરાંત પરીક્ષ (૧૯૬૨), આંખ આડા કાન (૧૯૬૪), 'એક ખોવાયેલો છોકરો' (૧૯૬૯), 'ઋષિકુળની કથાઓ'(૧૯૭૪), 'સત્યયુગની કથાઓ ૧ થી ૫' (૧૯૮૧), 'ભીષ્મ' (૧૯૮૧), 'ગુરુદક્ષિણા' (૧૯૮૧), ' લોકમિનારા'(૧૯૮૬) જેવા બાળસાહિત્યના પુસ્તકો પન્નાલાલે આપ્યા છે.

પન્નાલાલ પટેલના સાહિત્યની એક આગવી લાકક્ષણીતા એ રહી છે કે, તેઓ વાચકને પોતાની ભાવસૃષ્ટિમાં જકડી રાખે છે તેમજ કથાના આરંભથી જ વાચકને પાત્રોની તથા પ્રસંગની ભાવસૃષ્ટિ સાથે એકરૂપ કરી દે છે પછી તે સામાજિક કથા હોય કે પૌરાણિક.

બાળસાહિત્ય તો અલ્પવિકસિત તેમજ વિકસિત બાળમાનસને પ્રભાવિત કરતું તેમજ તેના માનસપટ પર છવાઈ જતું હોય તે ઈચ્છિત હોય છે.પન્નાલાલ પટેલના બાળસાહિત્યમાં આ પ્રકારની ભાવસૃષ્ટિ, વાતાવરણ દર્શિત થાય છે.

બાળ સાહિત્યના પ્રખર હિમાયત શ્રી ઈશ્વર પરમાર બાળ સાહિત્ય વિશે આ પ્રમાણે પોતાના વિચારો રજુ કરે છે:

> "અંકુરને પછી છોડના દેખાવની વાટ જોયા વગર ખેડૂત ખાતર-પાણી કરે છે.તેમ કોઈ બાળક તેની યુવા કે પ્રોઢ અવસ્થાએ પહોંચીને સંસ્કારી વ્યવહાર કરે તેની રાહ જોયા વિના બાળપ્રેમી સાહિત્યકાર સર્જન કરે છે ખેડૂતની જેમ તેને ભરોષો છે કે, વાવેલું ફળશે. બાળ સાહિત્યકારનો ઇષ્ટદેવ બાળક જ છે.'

ઈશ્વર પરમારના આ મતને તે સમયે અનુસરતા પન્નાલાલ તેમના બાળસાહિત્યમાં તેના ઇષ્ટદેવ બાળક વિશેની સભાનતા પ્રદશિત થાય છે. 'વાર્તાકીલ્લોલ ગ્રંથમાળા'માં કુલ ૮ પુસ્તિકાઓ છે. પન્નાલાલે પ્રાણીકથા, પરીકથા જેવા જુદા જુદા વિભાગો પાડ્યા છે. 'સસ્સારાણા' જેવી કથા બુધીબલના જીતનું પ્રદર્શન કરતી રસિક પ્રાણીકથા છે, તો 'ગાતી સોપારી હસતા પાન' ચમત્કારી પરીકથા છે. વાસ્તવિક – સામાજિક સંદર્ભોવાળી વાતો જીણવટથી લેખકે રજુ કરી છે. જે ગુજરાતી બાળકથા સાહિત્યને એક નવી દિશા બક્ષે છે.

દરેક કથામાં માનવજીવનની સાર્થકતાના આધારબિંદુઓ પડેલા જોઈ શકાય છે. તેમના સમગ્ર સર્જનાં કેન્દ્રમાં માનવતા રહેલી છે. 'બાળકિલ્લોલ ગંથમાળા'ની કથાઓ સાચા અર્થમાં બાળકથાઓ છે. નાની નાની બાલકથાઓ બાલમાનસના ઘડતરનું કાર્ય કરે છે. 'ભાવનાઘેલી''ખિસકોલી', 'ઘર રે ઘર', 'પાણી પીતો ચાંદો', 'સવા સોમાં ટુકું', 'મોટું કોણ'?, 'સ્વાર્થી શિયાળ', જેવી જુદા જુદા વિષયની કથાઓમાં સામાજિક સંદર્ભ તેમજ જીવનમૂલ્યો પ્રસ્થાપિત થતાં જોવા મળે છે અને આમ કરવા જતાં, મહદઅંશે કથામાં બાળકની રસવૃતિને હાનિ પહોચી છે.

વર્તમાન સમયમાં ટી.વી., સ્કૂલ, ટ્યુશન, કોમ્પુટર જેવા યંત્રો બાળક માટે અવિચ્છિન્ન અંગ બની ગયાં છે. યુગયુગમાં જીવતા બાળકની સમસ્યાઓ, સંવેદનાઓ અને સ્વપ્નો અડધી-પોણી સદી પહેલાનાં બાળકો કરતાં ઘણા ભિન્ન છે. તેથી આજે પરી, રાજા-રાણી કે પૌરાણિક પાત્રોની કથાઓ બાળમાનસને આકર્ષે છે. અલબત, પૌરાણિક કથા સાહિત્યના મૂળ કથાવસ્તુનું ઔચિત્ય જળવાયેલુ હોવું ઘટે.!

પન્નાલાલ પટેલના બાળસાહિત્યનું બહુ મોટું ફલક પૌરાણિક સાહિત્ય પર રચાયેલ છે. પૌરાણિક સાહિત્ય પર આધારિત તેમની કિશોર કથાઓમાં 'મહાભારત કિશોરકથા' અને 'શ્રી કૃષ્ણ કિશોરકથા' છે. શ્રી કૃષ્ણ કિશોરકથા'માં કૃષ્ણના કિશોરવસ્થા સુધીની કથાનું નિરૂપણ છે. જ્યારે બાકીના જીવનકાર્યની કથા 'મહાભારત કિશોરકથા'માં રજૂ થઈ છે.

'શ્રી કૃષ્ણ કિશોરકથા'માં વ્યકત થયેલી પન્નાલાલની વિચારણા જોઈએ. :

"આપણી સંસ્કૃતિએ આજના સંદર્ભમાં મૂલવવી કે નિરૂપવી એમાં મને સહેજ પણ વાજબીપણું લાગતું નથી".

કથાના મૂળ ચમત્કાર, તપ, શાપ જેવાં તત્વોને લેખકે યથાતથ રાખીને તે સંસ્કારવારસાને બાળકો પાસે મૂકવાનું કઠિન કાર્ય કુશળતાથી પાર પાડ્યું છે.

કૃષ્ણજીવન ઉપરાંત પન્નાલાલ પાસેથી 'રામાયણ કિશોરકથા' સાંપડે છે. જેમાં લેખકે સંપૂર્ણ રામાયણની વિગતે રજૂઆત કરી છે. રામના જીવનમાં બનેલા પ્રસિદ્ધ પ્રસંગોનું આલેખન એમાં થયું છે. રામ-ભરત મિલાપ, ભરત પ્રતિજ્ઞા, જટાયુ અને શબરી મિલનના પ્રસંગો, વાલીવધ, તારાનું રૂદન જેવા અનેક હૃદયસ્પર્શી પ્રસંગો લેખકે સહજ રીતે અને સરળતાથી બાળમાનસ પર છવાઈ જાય તે રીતે રજૂ કર્યા છે. બાળસાહિત્ય ક્ષેત્રે આ રીતે પૌરાણિક તેમજ ઐતિહાસિક કથાઓનું નિરૂપણ જરૂરી બની રહે છે. પરિણામે બાળક આપણી સંસ્કૃતિ અને સંસ્કારવારસાને ટકાવી રાખી શકે તેમજ તેનાથી સભાન રહી શકે છે.

આ ઉપરાંત 'ઋષિકુળની કથાઓ' અને 'સત્યયુગની કથાઓ' ને પન્નાલાલ બાળકિશોર સાહિત્ય તરીકે ઓળખાવે છે. પરંતુ આ સાહિત્યની કથાઓ સૌ માટે છે તેવું તેની ગુણવતા કહી શકાય. આ કથાઓમાં ધાર્મિક, પૌરાણિક, સામાજિક કથાસાહિત્યનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે.

'અલપજલપ'ને લેખક બાળકિશોર સાહિત્ય ગણાવે છે. જે લેખકના બાળપણની આત્મકથનાત્મક કૃતિ છે. 'અલપજલપ'ની પ્રસ્તાવનામાં ઉમાશંકર જોશીએ પન્નાલાલના બાળપણને નોધતા આ પ્રમાણે કહ્યું છે,

"પન્નાલાલની કિશોર આકૃતિ છાત્રાલયમાં જુદી તરી આવતી. શરીર નાનકડું, હૃષ્ટપુષ્ટ, ગોળમટોળ, કહી ન શકાય એવું.... આંખમાં અચૂક વરતાતી 'હું સમજુ છું બધું' એવી ચમક... કશો રોકટોક અનુભવ્યા વગર બધી પરીસ્થિતિમાં એ એક જાતના આત્મવિશ્વાસ સાથે લીલાપૂર્વક વિચરતા...."

આ બધા પરિબળો પન્નાલાલના બાળસાહિત્ય સર્જનના મૂળમાં પડેલા છે. તેઓનું બાળસાહિત્ય ઉપદેશાત્મક રહ્યું નથી તેમ છતાં બોધ આપતું તો રહ્યું જ છે. સમગ્ર બાળકથાસાહિત્ય પરત્વે કહેવું જોઈએ કે તેમાં હાસ્યરસનો લગભગ અભાવ છે તેમજ બોધ કે શિખામણની ભાવના નથી.

સમગ્ર રીતે જોતા પન્નાલાલના બાળસાહિત્યના પાત્રો સાચા માણસ તરીકેની જિંદગી જીવવાની કળા શીખવે છે. તેઓ સદગુણોના સમાર્જન પરત્વે વિશેષ ભાર મૂકે છે. ડૉ.શ્રધ્ધા ત્રિવેદી પન્નાલાલ પટેલના બાળસાહિત્યને ઉચિત રીતે મુલવતાં આ પ્રમાણે નોંધે છે,

"સાચા માનવની વાત સાથે તેના તંતુ ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે જોડી દે છે. તેમને માનવ અને તેના હૈયામાં રસ છે. તેના સારા તત્વો પ્રત્યે શ્રદ્ધા છે. માણસની સદવૃત્તિઓ પર રાખનું જે પડ વળી ગયું છે તેને ફુંક મારી દૂર કરવાનું કાર્ય જાણે કે તે કરે છે. તેમના પાત્રોના વર્તન અને વિધાનો તણખલા ની ગરજ સારે છે. મોક્ષ નહી પણ જીવન જીવતાં જીવતાં જ મુક્તિનો આંનદ અનુભવવાનું તે શીખવે છે જે બાળ ઘડતરના પાયાનું કાર્ય બની રહે છે.